ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૨૫૮-૬૩
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૩/૦૩/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
ગુજરાત રાજ્ય.

વિષય:- ધો-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઇઝડ ઇન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન અને અમલીકરણ બાબત.

સંદર્ભ:- ૧) અત્રેનો તા. ૧૭/૦૨/૨૦૧૮નો પત્રક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૧૮/૩૨૦૪-૦૫
૨) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાનનો તા.૧/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંક-૧૮૨૩-૧૮૫૮

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે આર.એમ.એસ.એ. કચેરીના સંદર્ભ પત્રથી તા.૦૯/૦૩/૨૦૧૮નો રોજ ધો-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન માટે શ્યામચી આઇ ફાઉન્ડેશન (SAP) એક્ષપર્ટ ગૃપ દ્વારા અને RMSA ના સહયોગથી માસ્ટર ટ્રેનર્સની વિડીયો કોન્ફરન્સ યોજાઇ ગયેલ છે.

રાજ્યના સરકારી અને ગ્રાન્ટઇન એઇડ માધ્યમિક શાળાના ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઇઝડ ઇન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન શાળાકક્ષાએ તા. ૩૧/૦૩/૨૦૧૮ થી તા. ૦૨/૦૪/૨૦૧૮ દરમ્યાન શાળાએ પોતાની અનુકૂળતા પ્રમાણે આયોજન કરવાનું રહેશે. ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓ આ ટેસ્ટમાં હાજર રહે તેવી વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે. શ્યામચી આઇ ફાઉન્ડેશન (SAF) એક્ષપર્ટ ગૃપ દ્વારા મળેલ વિગતો અન્વયે આ ટેસ્ટ માટેના કેટલીક સૂચનાઓ અને સમયપત્રક આ સાથે સામેલ છે.

સૂચનાઓ :-

૧. પરીક્ષક તરીકે શાળામાં ઓછામાં ઓછા એક આધુનિક ટેક્નોલોજીના જાણકાર (ટેક્નોસેવી) વ્યક્તિની નિમણુક કરવી.
૨. ધો-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટેની ટેસ્ટના સમય દરમ્યાન જ શાળામાં એન્ડ્રોઇડ મોબાઇલની મંજૂરી આપી શકાશે.
૩. ગૂગલ પ્લે સ્ટોરથી એન્ડ્રોઇડ મોબાઇલ પર "ગુજરાત કેરીયર મિત્ર" એપ્લિકેશન ડાઉનલોડ કરવી.
૪. પરીક્ષા પહેલા એક દિવસ તમામ પરીક્ષક ઉપકરણો (મોબાઇલ) પર એપ્લિકેશન ડાઉનલોડ કરી ચકાસણી કરવી.
૫. એપ્લિકેશન ડાઉનલોડ, પ્રથમ લોગિન અને ડેટા અપલોડ સમયે ઇન્ટરનેટની જરૂર પડશે એટલે કે માત્ર બે વખત, આનો અર્થ એ થાય કે ઑફલાઇન પરીક્ષા તમે તમારા પ્રથમ

૬. ૧૦ વિદ્યાર્થીઓ દીઠ એક મોબાઇલ ઉપકરણ હોવું જોઇએ.
૭. કોઇ વિદ્યાર્થી એક થી વધુ વખત પરીક્ષણ માટે હાજર ન હોવો જોઇએ.
૮. તમામ વિદ્યાર્થીઓના ડેટા તા.૦૩/૦૪/૨૦૧૮ સુધીમાં અપલોડ કરવાનું સુનિશ્ચિત કરવાનું રહેશે.

<u>સમય પત્રક :-</u>

| તારીખ | પ્રવૃત્તિ |
|---|---|
| 9 માર્ચ 2018 | ડિસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટરની તાલીમ |
| 10 - 22 માર્ચ 2018 | ડિસ્ટ્રિક્ટ કો-ઓર્ડિનેટર દ્વારા શાળા તાલીમ |
| 31 માર્ચ 2018 | એપ્લિકેશન અને શાળા નોંધણી ડાઉનલોડ કરવી |
| 31 માર્ચ 2018 | બધા ઉપકરણો પર એપ્લિકેશન ડાઉનલોડ કરો |
| 31 માર્ચ થી 2 એપ્રિલ 2018 | ટેસ્ટ એક્ઝેક્યુશન, ડેટા અપલોડ કરો |
| 3 એપ્રિલ 2018 | ડેટા અપલોડની પુષ્ટિ કરો |

ઉપરોક્ત સુચના અને સમયપત્રક ધ્યાને લઇ આપના જિલ્લાની સરકારી અને ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓને ધોરણ-૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઇઝડ ઇન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન અને અમલીકરણ સારી રીતે થાય તે અંગે આપની કક્ષાએ કાર્યવાહી કરશો.

(બી.એન.રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના :-
માન. અધ્યક્ષશ્રી, ગુ-મા-ઉ-મા-શિ-બોર્ડ,
ગાંધીનગર

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા. ૧૭/૩/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ/સરકારી/RMSA/ અને મોડેલ શાળાઓ તમામ...
બનાસકાંઠા જિલ્લો.

ધો-૧૦ ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઇઝડ ઇન્ટરેસ્ટ ટેસ્ટના આયોજન સંદર્ભે આપની શાળાના એક શિક્ષકે તાલીમ મેળવેલ છે. જેની તકનીકી માર્ગદર્શન માટે ૪૯ પાનાની PPT આ સાથે સામેલ છે. તેનો ઉપયોગ કરવો. સમયપત્રકની બાબતે ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબ આપની શાળામાં એપ બેઇઝડ ઇન્ટરેસ્ટ ટેસ્ટનુ આયોજન અને અમલીકરણ સારી રીતે થાય તે અંગે આપની કક્ષાએ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.